| | |
|---|---|
| **Date:** 28.2.2022 | **Publication:** Divya Bhaskar |
| **Page no.:** 8 \| 12 | **Edition:** Mumbai \| Ahmedabad |
| **Headline:** Take top-up and super top-up cover along with your health insurance policy | |

**વીમાની વાત** કોર્પોરેટ કર્મચારીઓને મોટા ભાગે હેલ્થ ઇન્શ્યોરન્સ કવર મળે છે, જે પર્યાપ્ત નથી

# હેલ્થ ઈન્શ્યોરન્સ કવર ઓછું લાગે તો ટોપઅપ, સુપર ટૉપ-અપ પ્લાન

*હેલ્થ ઈન્શ્યોરન્સના કવરેજ અનેકવાર ઓછા લાગે છે. કેટલાક મામલે મર્યાદાઓ પણ હોય છે. જો તમારા પસંદગીના અથવા કોર્પોરેટ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાનમાં પણ આવી કોઈ મુશ્કેલી નજર પડે છે તો તમે બે વિકલ્પ પર ધ્યાન આપી શકો છો - ટૉપઅપ અને સુપર ટૉપઅપ પ્લાન. બંને વિકલ્પો કિફાયતી છે...*



ટૉપ અપ અથવા સુપર ટૉપ અપ એક્સ્ટ્રા ઈન્શ્યોરન્સ કવર છે તે બાબત ધ્યાનમાં રાખવી પડશે. તેથી જ તેમાં થ્રેસોલ્ડ લિમિટ અથવા ડિડક્ટિબલ જેવા ટેકનિકલ ટર્મનો ઉપયોગ થાય છે. ડિડક્ટિબલ એ મર્યાદા છે, ત્યાં સુધી ક્લેમનો ખર્ચ તમારે અથવા તમારી બેસ ઈન્શ્યોરન્સ પોલિસીએ ઉઠાવવાનો હોય છે. ક્લેમની રકમ ડિડક્ટિબલથી વધુ હોવા પર જ આ બંને એડિશન કવરેજ ચાલુ થશે. ઉદાહરણ તરીકે, આપનું ટોપ-અપ ડિડક્ટિબલ 5 લાખ રૂપિયા છે તો ક્લેમ રાશિ 5 લાખથી ઉપર જવા પર ટૉપઅપ એક્ટિવ થશે. 5 લાખ સુધીનો ખર્ચ અથવા તો મૂળ પોલિસીથી કવર થશે અથવા પોલીસીધારકોએ આ ખર્ચ ઉઠાવવો પડશે. બહેતર રહેશે કે ટૉપ અપ પોલિસી પીરિયડને બેઝ પોલિસી પીરિયડની સાથે રખાય. ટોપઅપ કવરમાં ડિડક્ટિબલ દરેક ક્લેમ પર અલગથી લાગૂ થાય છે અને ક્લેમના ટોપઅપ કવરને એક્ટિવ કરવા માટે ડિડક્ટિબલ લિમિટ પાર કરવી પડશે. જ્યારે, સુપર ટોપઅપમાં સિંગલ પોલિસી વર્ષની અંદર કરવામાં આવેલા ક્લેમને માન્ય રખાય છે. અર્થાત્ કવરનો ઉપયોગ એક કરતા વધુ દાવાની પતાવટ માટે થઈ શકે છે.

**આ રીતે કામ કરે છે ટૉપઅપ, સુપર ટૉપઅપ**

માનો કે તમારી મૂળ પોલિસીની વીમા રકમ 3 લાખ રૂપિયા છે. જો તમે 3 લાખ રૂપિયાની કપાત સાથે 10 લાખના ટૉપઅપ અથવા સુપર ટૉપઅપ પસંદ કરો છો, તો ચાલો જાણીએ આ બંને વિકલ્પોમાં દાવાની ચૂકવણી કઈ રીતે કરાશે.

| સિનારિયો | ટૉપઅપ પ્લાન | સુપર ટૉપ અપ પ્લાન |
|---|---|---|
| 5 લાખ રૂપિયાનો ક્લેમ | બેઝ પ્લાન 3 લાખ રૂપિયાની રકમની ચૂકવણી કરશે અને ટૉપ અપ સ્કીમ બાકીના 2 લાખ રૂપિયાની ચૂકવણી કરશે. | બેઝ પ્લાન 3 લાખનું પેમેન્ટ કરશે અને સુપર ટૉપઅપ સ્કીમ બાકીની 2 લાખ રકમની ચૂકવણી કરશે. |
| 2 લાખ રૂપિયાના બે દાવાઓ | બેઝ પ્લાન પહેલા દાવા માટે 2 લાખ અને બીજા દાવા માટે 1 લાખ રૂપિયાની ચૂકવણી કરશે. ટૉપઅપ એપ્લાય નહીં થાય. આ દાવાઓ બાદ બેઝ પોલિસી પણ સમાપ્ત થઈ ચૂકી છે. | બેઝ પ્લાન 3 લાખનો. સુપર ટોપઅપ પહેલા દાવામાં બાકીના 2 લાખની ચૂકવણી કરશે. સુપર ટૉપઅપ બીજા દાવા માટે 2 લાખ ચૂકવશે. બેસ પોલિસી એસઆઈ સમાપ્ત. |
| પહેલો ક્લેમ 5 લાખ, બીજો ક્લેમ 2 લાખ | બેઝ પ્લાન 3 લાખનો અને ટૉપ અપ પહેલા દાવામાં શેષ 2 લાખ રૂપિયાની ચૂકવણી થશે, ટૉપ અપ બીજા દાવા માટે ચૂકવણી નહીં કરે. બેઝ પોલિસી પહેલા દાવામાં જ સમાપ્ત. | બેઝ પ્લાન 3 લાખનો. સુપર ટોપઅપ પહેલા દાવામાં બાકીના 2 લાખની ચૂકવણી કરશે. સુપર ટૉપઅપ બીજા દાવા માટે 2 લાખ ચૂકવશે. બેસ પોલિસી એસઆઈ સમાપ્ત. |

## ટૉપઅપ અથવા સુપર ટૉપઅપ કવર આ માટે જરૂરી

અનેક કંપનીઓ પોતાના કર્મચારીઓને બેઝ હેલ્થ ઈન્શ્યોરન્સ કવરેજ પૂરું પાડે છે. ટૉપઅપ અથવા સુપર ટૉપઅપ પ્લાન આ બેઝ પ્લાનમાં એક્સ્ટ્રા ફીચર જોડે છે. આ પ્લાન્સ વિભિન્ન રાજ્યોમાં ચાલતી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં પણ કામ કરશે, જ્યાં તે એક નિશ્ચિત સીમા સુધી હેલ્થ કવર પ્રદાન કરી શકે છે. આ સાથે બેઝ પોલિસીનું હોવું અનિવાર્ય નથી. કોઈપણ પ્રકારના બેઝ કવર વગર પણ ટૉપઅપ પોલિસીનો લાભ ઉઠાવી શકાય છે. અંતર માત્ર એટલું જ હશે કે જો તમારી પાસે બેઝ પોલિસી નથી તો ટૉપઅપ પોલિસીમાં કાપ સુધીનો ખર્ચ પોલિસીધારકે ઉઠાવવો પડશે.



**ગુરદીપ સિંહ બત્રા**
રિટેલ અંડરરાઈટિંગ હેડ, બજાજ એલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ